www.kamalamgujarat.com

Friday

13.11.2020

✳Volume :5 ✳ Issue No. 89

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## સરહદી ક્ષેત્રે વિકાસોત્સવ

# સીમાઓને સુરક્ષિત બનાવવાના ચૌમુખી ઉદેશ સાથે કચ્છની ધરા પરથી વિકાસોત્સવનો શુભારંભ

## સુરક્ષા દળોના દવાખાનામાં આમ નાગરિકને સારવારની સુવિધા ઉપલબ્ધ કરાવાશેઃ કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ

### સીમાઓ ઉપર માળખાકિય સુવિધાઓ વધારવાનો નિર્ધાર : કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ

કમલમ દૈનિક,

સમગ્ર દેશમાં સૌ પ્રથમ ગુજરાતના સરહદી વિસ્તાર એવા કચ્છ ખાતેથી સીમાંત વિકાસોત્સવ કાર્યક્રમનો શુભારંભ કરાવતાં કેન્દ્રિય ગૃહ મંત્રીશ્રી અમિત શાહે જણાવ્યું હતુ કે, દેશની સુરક્ષા માટે કાર્ય કરતા જવાનોની સાથે સીમાવર્તી ગામના લોકો અને જનપ્રતિનિધિઓ પણ સીમાના પ્રહરીઓ છે. તેમણે જણાવ્યું હતું કે, દેશની સીમાના ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં સીમા સુરક્ષા સબંધિત સામાજિક ઉત્તરદાયિત્વ કેળવવાની સાથે સીમાઓ પર પલાયન રોકવા, સીમાના ગામડાઓનો વિકાસ



કચ્છના સરહદી વિસ્તાર ઉપર શરૂ થશે દુનિયાનો સૌથી મોટો રીન્યુએબલ એનર્જી પાર્કઃ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી



### સીમાવર્તી રાજ્યો - ગામોના જન પ્રતિનિધિ - નાગરિકો સાચા અર્થમાં સીમાના પ્રહરી :કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ

### સીમાંત વિકાસોત્સવ એ અવિરત ચાલનારી શ્રુંખલા : વડાપ્રધાનશ્રી કક્ષાએ સતત મોનીટરીગ કરાશેઃ કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ



દેશ - રાજ્યની સીમાઓ માતાના આંચલ સમાન : તેની સુરક્ષાની જવાબદારી પ્રત્યેક દેશવાસીઓની : કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ



દેશની આંતરરાષ્ટ્રીય - આંતરીક સુરક્ષા મજબુત હશે તો જ ભારત સમૃધ્ધ બનશે :કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ

કરવા અને લોકોમાં દેશભકિત વધુ જીવંત બનાવવાની સાથે સીમાઓને સુરક્ષિત બનાવવાના ચૌમુખી ઉદ્દેશ સાથે કચ્છની ધરા પરથી સીમાંત વિકાસોત્સવ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે. સીમાંત વિકાસોત્સવ એ અવિરત ચાલનારી શ્રૃંખલા છે અને આવનારા દિવસોમાં આ વિકાસોત્સવ દેશના વિવિધ પ્રાંત - સીમા વિસ્તારોમાં પણ યોજાશે.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને હું પોતે પણ દેશની જમીન સાથે સંકળાયેલી તમામ સીમાઓ પર સમયાંતરે મુલાકાત લઈ આ વિકાસોત્સવ કાર્યક્રમનું મોનીટરીંગ કરીશું. જયાં સુધી સીમા ઉપર રહેલા ગ્રામ્ય વિસ્તારના લોકો સીમા સુરક્ષા બાબતે જાગૃત નહીં બને ત્યાં સુધી સીમાઓને સાચા અર્થમાં સુરક્ષિત રાખી નહીં શકાય તેમ જણાવતાં ગૃહમંત્રીશ્રી શાહે કહયું હતું કે, દેશની અને રાજયની સીમાઓ માતાના આંચલ સમાન છે. તેની સુરક્ષા કરવાની જવાબદારી પ્રત્યેક નાગરિકની ફરજ છે. તે પછી દેશની આંતરીક સુરક્ષા હોય કે આંતરરાષ્ટ્રીય સુરક્ષા હોય. દેશની આંતરિક સુરક્ષા જયાં સુધી મજબૂત નહી હોય ત્યાં સુધી દેશ આગળવધી નહીં શકે અને તેથી જ વડાપ્રધાનશ્રીએ દેશની સીમાઓને અભેદ બનાવવા સંકલ્પ સાથે પરીન્દુ પણ પર ન મારી શકે તેવું કાર્ય કર્યુ છે. દેશની એક ઈંચ પણ જમીન કોઈ પચાવી ન પાડે તે માટે દેશના જવાનો આંખમાં આંખ મિલાવીને જડબાતોડ જવાબ આપવા સક્ષમ છે. તેમણે ઉમેર્યુ કે, કાશ્મીર પુલવામાં આંતકવાદી હુમલા સામે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક દ્વારા જડબોતોડ જવાબ આપીને વિશ્વને ભારતની તાકાતનો પરિચય કરાવ્યો છે. કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહેએ જણાવ્યું કે, વૈશ્વિક મહામારી કોરોના કપરા કાળ સામે સમગ્ર વિશ્વ જયારે ઝઝુમી રહયું હતું ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હિંમતભર્યા નિર્ણયો લઈને વિશ્વથી અલગ વિચારીને જે નિર્ણયો કર્યા અને તેની સાથે સાથે ૧૩૫ કરોડ ભારતીયોનો વ્યાપક જન સહયોગ સાંપડયો જેના પરિણામે આજે આપણે સંક્રમણ અટકાવી શકયા. અને સાથેસાથે અર્થતંત્રને પણ તૂટતું બચાવી શકયા છીએ. આપણે સૌ ઉત્સવપ્રિય છીએ ત્યારે તેમણે દેશવાસીઓને દિવાળીની શુભકામના પાઠવતાં કહયું કે, આવનારા તહેવારો પણ આપણે ઉજવીએ પરંતુ સંપૂર્ણ સાવધાની અને તકેદારી સાથે જ ઉજવીશું કેમ કે હજુ કોરોના ગયો નથી. તેમણે ઉમેર્યુ કે, કોરોનાના કપરા કાળમાં પણ કેટલાક વિપક્ષી રાજકીય દળોએ સહયોગ આપવાના બદલે રાજકીય નિવેદનો કર્યા અને જુઠાણા ફેલાવીને દેશને બદનામ કરવાના પ્રયાસો કર્યા તે સમયે પણ દેશવાસીઓએ જે સહયોગ આપ્યો છે. જેના પરિણામે આપણે બચી શકયા છીએ. દેશવાસીઓએ પ્રધાનમંત્રી પર મૂકેલો ભરોસો એમણે સુપેરે નિભાવ્યો છે. એટલે જ વિવિધ રાજયોમાં ચુંટણી દરમ્યાન લોકો પ્રધાનમંત્રી સાથે ચટ્ટાનની જેમ ઉભા છે. લોકતંત્રમાં જનાદેશ જ મહત્વનો છે. કેન્દ્રિય મંત્રીશ્રી શાહે ઉમેર્યુ કે, સરદાર સાહેબના સપનાઓને મૂર્તિમંત કરવાનું કામ અમારી સરકાર સુપેરે કરી રહી છે. સીમાઓ પર રસ્તા નિર્માણનું કામ વર્ષ ૨૦૦૮ થી ૧૪ દરમ્યાન ૧૭૦ કિ.મી. પ્રતિ વર્ષ થતું હતું ૨૦૧૪ થી ૨૦ દરમ્યાન ૪૮૦ કિ.મી. પ્રતિ વર્ષ કરી રહયા છીએ. એજ રીતે ભારત-ચીન સીમાપર સડક નિર્માણનું કામ પ્રતિ વર્ષ ૨૩૦ કિ.મી. થતું હતું એ ૪૭૦ કિ.મી. પ્રતિ વર્ષ થાય છે. સીમાઓ પર ૨૦૦૮ થી ૧૪ માં ૧ જ સુરંગ નિર્માણ થયું હતું. વર્ષ ૨૦૧૪-૨૦માં ૬ નવી સુરંગોનું નિર્માણ કર્યુ છે અને ૧૯ નવી સુરંગોના નિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે. એ જ રીતે સીમાની સુરક્ષાઓ વધારવા માટે બજેટમાં પણ ઉતરોત્તર વધારો કર્યો છે. વર્ષ ૨૦૦૮-૧૪માં રૂ.૩૩૦૦ કરોડ હતા તેની સામે વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૫૪૦૦ કરોડ,૨૦૧૮-૧૯માં રૂ.૬૭૦૦ કરોડ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૧ હજાર કરોડના જંગી બજેટની જોગવાઈ પણ કેન્દ્રની અમારી સરકારેકરી છે. છેલ્લા પચાસ વર્ષમાં સીમાઓ પર ઈન્ફ્રાસ્ટ્રકચર નિર્માણનું જે કામ નથી થઈ શકયું તે અભિયાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે હાથ ધર્યુ છે. સીમાઓ પર ભૌગોલિક પરિસ્થિતિ અનુકુળ ન હોવા છતાં પણ આ ક્ષેત્રના નાગરિકોએ ઘરે ઘરે વીજળી, મકાન, શૌચાલય, ગેસનો ચૂલો અને રૂ.૫ લાખની સ્વાસ્થ સુરક્ષા પહોંચાડવાનું કામ કરી રહયા છીએ. તેમણે ઉમેર્યુ કે, સુરક્ષા દળોના દવાખાનાઓમાં પણ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવારની સુવિધા બી.એસ.એફ.ના દવાખાનાઓમાં નાગરિકોને પુરી પાડવાનાં જનહિતલક્ષી નિર્ણય કર્યો છે. જેના પરિણામે સેનાના જવાનો, નાગરિકો માથે ભાઈચારાનું નિર્માણ થઈ શકશે અને નાગરિકોને સારવાર માટે દુર જવું નહીં પડે. મંત્રીશ્રી શાહે ઉમેર્યુ કે, ગુજરાતમાં જયારે જયારે કચ્છ આવું ત્યારે ભયાનક ભૂકંપની




### રાજ્ય - કેન્દ્ર સરકાર સીમાઓ પરના ગ્રામ્ય વિસ્તારોને વધુ સુવિધાસભર બનાવવા કટિબધ્ધઃ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

યાદ તાજી થાય છે એ કાળ આજે પણ ભૂલી શકાય એમ નથી. ભૂકંપે કચ્છમાં જે તારાજી સર્જાઇ હતી ત્યારે વિશ્વ એમ માનતું હતું કે કચ્છ હવે બેઠું નહીં થાય પરંતુ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દુરંદેશીના પરિણામે આજે કચ્છ બેઠું થયું અને ઉધોગ, ધંધા, રોજગાર પુનઃ ધબકતાં થયાં છે. કચ્છના રણોત્સવ અને ધોરડો ટેન્ટસિટિ આજે વિશ્વ ફલક પર આવી ગયા છે. જેના પરિણામે દેશ-વિદેશના પર્યટકો કચ્છની મુલાકાતે આવી રહયા છે. પરિણામે આજે સ્થાનિક કક્ષાએ ઉતરોતર વધારો થયો છે.







કૃષિ વિકાસની સાથેસાથે પશુપાલન અને પીવાના પાણી સુવિધા પણ ગુજરાત સરકાર નલ સે જલ યોજના દ્વારા ઘર ઘર સુધી પુરી પાડી રહી છે. નર્મદાના નીર આજે ખાવડા સુધી પહોંચ્યા છે જેનો લાભ નાગરિકો આજે લઈ રહયા છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સીમામાં સુરક્ષાઓ મહત્વપૂર્ણ યોગદાન આપી રહેલા સીમાના ગામડાઓના વિકાસ માટે સરકારની પ્રતિબધ્ધતા વ્યકત કરતાં જણાવ્યું હતું કે, રાજય - કેન્દ્ર સરકાર સીમાઓ પરના ગ્રામ્ય વિસ્તારોને વધુ સુવિધાસભર બનાવવા કટિબધ્ધ છે. કચ્છના સફેદ રણમાં સરહદી ક્ષેત્ર વિકાસોત્સવ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલા સરપંચ સંમેલનમાં કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી સાથે સહભાગી બનેલા મુખ્યમંત્રીશ્રીએ કચ્છની સાથે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના સીમાવર્તી ગામડાઓના વિકાસ માટેના રાજય સરકારના આયોજનબધ્ધ કામોનો ચિતાર આપ્યો હતો. તેમણે રોજગારીના સર્જન થકી સીમાને સમૃધ્ધ બનાવવા ઉપર ભાર મૂકતાં જણાવ્યું હતુ કે, કચ્છ જિલ્લામાં રોજગારીના સર્જનની સાથે દુનિયાનો સૌથી મોટો રીન્યુએબલ એનર્જી પાર્ક કચ્છના સરહદી વિસ્તાર ઉપર શરૂ થવા જઈ રહયો છે. આ ઉપરાંત દરિયાના ખારા પાણીને મીઠા બનાવવા માટેના પ્લાન્ટનું કામ પણ હાથ ધરાયું છે, જે પૂર્ણ થતાં આ વિસ્તાર માટે પીવાના પાણીનો પ્રશ્ન ભૂતકાળ બની જશે. કચ્છ જિલ્લાના વિકાસની સાથે અહીંના પ્રવાસન સ્થળોના વિકાસની વિભાવનાને ચરિતાર્થ કરવા માતાના મઢના વિકાસ માટે ૩૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. તેની સાથો - સાથ નારાયણ સરોવરના વિકાસ માટે પણ સરકાર વિચારશીલ હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહયું હતું કે, ગુજરાતની સીમા ઉપરના ગ્રામજનોમાં દેશભકિતની ભાવના પ્રબળ બને તે માટે નડાબેટ ખાતે સીમા દર્શન માટેના પ્રોજેકટનું આગવું કાર્ય હાથ ધરાયું છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની સીમાઓ વધુ સુવિધાસભર બનાવવાની સાથે લોકોને જાગૃત બનાવવા સીમાઓના ગામડાઓના સર્વાંગી વિકાસ સાથે સીમાઓને વધુ સુરક્ષિત બનાવવાની નેમ પણ વ્યકત કરી હતી. કેન્દ્રિય કૃષિ, ગ્રામીણ વિકાસ મંત્રીશ્રી નરેન્દ્રસિંહ તોમરે સીમાવર્તી રાજયોમાં વિકાસ કામોને ઐતિહાસિક અવસર ગણાવતાં જણાવ્યું કે, ગુજરાતની ભૂમિ જ એટલી પવિત્ર છે કે, તમામ ક્ષેત્રે ગુજરાતે શ્રેષ્ઠ કામગીરી થકી દેશને નવો રાહ ચીંધ્યો છે. તેમણે ઉમેર્યુ કે, જયારે કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે દુનિયાને લાગ્યું કે, કચ્છ ફરીવાર ઉભું નહીં થાય, પરંતુ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની કોઠાસુઝ અને દીર્ઘદષ્ટિના પરિણામે આજે કચ્છ વિશ્વના નકશા પર પ્રસ્થાપિત થયું છે. શ્રી તોમરે ઉમેર્યુ કે, ગુજરાતના આ પનોતા પુત્રએ વડાપ્રધાનનું સુકાન સંભાળ્યુ ત્યારથી દેશમાં ઈમાનદારી અને પારદર્શિતાથી આર્થિક ગતિવિધિ વધારીને રોજગારીના નિર્માણ દ્વારા અર્થતંત્રને વધારવાનો અવિરત પ્રયાસ કર્યો છે. જેમાં તેમણે હિંમતભર્યા નિર્ણયો અને જરૂર પડે તો કાયદાકીય સુધારા કરીને ગરીબ-છેવાડાના માનવીના સુખ માટે અનેકવિધ યોજનાઓ બનાવી છે.મંત્રીશ્રી તોમરે વડાપ્રધાનશ્રીને ગરીબોના મસીહા ગણાવતા કહયું કે, ગરીબો માટે તેમણે ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામ ગરીબોને ઘરના ઘરનું સપનું પૂર્ણ કરીને આવાસા સુવિધા ઉપલબ્ધ બને તે માટેનું સંનિષ્ઠ કાર્ય આરંભ્યુ છે, તે ચોકકસ પૂર્ણ કરશે. ૧૩મા નાણાપંચમાં વર્ષ ૨૦૧૪ પહેલા પાંચ વર્ષમાં ૬૫ હજાર કરોડ રૂપિયા ફાળવાતા હતા. પરંતુ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૪ નાણાંપંચ હેઠળ ૨ લાખ ૨૯૨ કરોડની જોગવાઈ કરીને ફાળવ્યા છે. તે પૈકી ૯૯ ટકા પૈસા ગામડાઓને પહોંચાડી દીધા છે અને ૧૫ મા



નાણાં પંચમાં ૧ વર્ષ માટે રૂ. ૬૦ હજાર કરોડની જોગવાઈ પણ કરી છે. જે પૈકી ૩૫ હજાર કરોડ તો રાજયોને પહોંચાડી દીધા છે. તેમણે ઉમેર્યુ કે, ગ્રામ્ય સ્તરે પાકી સડક માટે અટલ બિહારી વાજપેયી ગ્રામ સડક યોજનાને બીજા તબકકામાં રૂપિયા ૮૦,૨૫૦ કરોડના ખર્ચે ૧.૨૫ લાખ કિ.મી. માર્ગોનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો છે. તે પણ પરિપૂર્ણ કરાશે. જેનાથી ગ્રામ્ય અર્થતંત્ર ધબકતું થશે. સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરતાં મુખ્યસચિવશ્રી ડો. અનિલ મુકિમે જણાવ્યુ હતુ કે, સરહદ વિસ્તારના વિકાસ કામોનો વિકાસોત્સવ કાર્યક્રમ રાજયમાં પ્રથમવાર યોજાઈ રહયો છે. જે આ વિસ્તારના લોકો માટે ગૌરવની વાત છે. આ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્લાનીંગ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ વિકાસલક્ષી કામોનું આયોજન કરવામાં આવે છે. આ યોજના હેઠળ રાજયના કચ્છ,બનાસકાઠાં અને પાટણ જિલ્લા જે આંતરરાષ્ટ્રીય સરહદો ધરાવે છે. આ ત્રણેય જિલ્લાના ૧૫૮ ગામોમાં કૃષિ, શિક્ષણ, આરોગ્ય, માર્ગ સુવિધા, પીવાના પાણી સહિત વિવિધ આંતર માળખાકિય સવલતોના નિર્માણ થકી છેવાડાના માનવી સુધી સુવિધાઓ પુરી પાડવામાં આવી છે. તેમણે ઉમેર્યુ કે, આ જિલ્લાઓમાં બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્લાનીંગ પ્રોજેકટ સહિત રાજય સરકારની અન્ય યોજના દ્વારા પણ વિકાસ કામો હાથ ધરવામાં આવે છે. મુખય સચિવશ્રીએ રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા અમલી યોજનાઓની છેલ્લા બે વર્ષમાં હાથ ધરાયેલ કામગીરીની વિગતો આપી હતી. તેમણે ઉપસ્થિત સૌને અહીં ઉભા કરાયેલા પ્રદર્શનને નિહાળીને રાજયની યોજનાઓના લાભો વધુને વધુ લોકો સુધી પહોંચે તે માટે અનુરોધ કર્યો હતો. આ તકે બી.એસ.એફ. ના ડી.જી.પી. શ્રી રાકેશ અસ્થાના દ્વારા બી.એસ.એફ.ની કામગીરીનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમ દરમિયાન કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના વિવિધ ગામોના સરપંચોએ તેમના ગામ – વિસ્તારમાં ‘‘સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમલ્લલ્લ અંતર્ગત હાથ ધરાયેલ વિકાસ કામોનો ઉલ્લેખ કરી તેમના સરહદી વિસ્તારના વિકાસ માટે રાજ્ય – કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ કાર્યો બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત પોલીસ વિભાગના વિવિધ અધિકારીશ્રીઓને યુનિયન હોમ મિનીસ્ટર સ્પેશ્યલ ઓપરેશન મેડલ આપી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગૃહ રાજય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, સમાજ કલ્યાણ રાજય મંત્રીશ્રી વાસણભાઈ આહિર, યુનિયન હોમ સેક્રેટરીશ્રી અજયકુમાર ભલ્લા, ઈન્ટેલીજન્સ બ્યુરોના ડાયરેકટરશ્રી, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી પંકજ કુમાર, ગૃહ વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરીશ્રી કે. કે. નિરાલા,ડીજીપીશ્રી આશિષ ભાટીયા, સાંસદ સર્વશ્રી વિનોદ ચાવડા, પરબતભાઈ પટેલ,ભરતસિંહ ઠાકોર,ધારાસભ્યો સર્વશ્રી નિમાબેન આચાર્ય, વિરેન્દ્રસિંહ જાડેજા, પ્રદયુમનસિંહ જાડેજા, જિલ્લા કલેકટરશ્રી પ્રવિણા ડી. કે. સહિત જિલ્લા વહિવટી તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.

## તંત્રી સ્થાનેથી......

આયુષ મંત્રાલય ભારત સરકાર તથા આયુષ કચેરી ગાંધીનગરના માર્ગદર્શન અનુસાર આજે તા. ૧૩ નવેમ્બર-૨૦૨૦ના રોજ પાંચમાં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ઉજવણી "AYURVEDA FOR COVID-19 PANDEMNIC" ની થીમ પર કરવામાં આવનાર છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, છાપી, હડાદ, ચિત્રાસણી, રાણપુર અને ગઢ ખાતે નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોના સંક્રમણ સામે રક્ષણ મેળવવા બનાસકાંઠા જિલ્લા પંચાયત હસ્તકની આયુર્વેદ શાખા દ્વારા કોરોનાના સમયમાં આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિની રક્ષણાત્મક/ઉપચારાત્મક કામગીરી કરવામાં આવે છે. જેમાં માર્ચ-૨૦૨૦ થી ઓક્ટોમ્બર-૨૦૨૦ના સમયગાળા દરમ્યાન આયુર્વેદિક ઉકાળાનો લાભ ૯,૭૧,૮૧૮ લોકોએ લીધો છે. સંશમની વટી લાભ- ૩૭,૭૨૫, હોમિયોપેથીક દવા આર્સેનિક આલ્બમ- ૬૬,૮૩,૩૦૩, કોરાના હોસ્પિટલાઈઝ (એસેપ્ટોમેટીક/માઈલ્ડ સેપ્ટોમેટીક) દર્દીને લાભ– ૧૮૭ આયુર્વેદિક દવાઓ અને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે.તેમ બનાસકાંઠા જિલ્લાના આયુર્વેદ અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.






# દાહોદમાં આવેલા પ્રખ્યાત કંબોઈધામને રૂ. ૨.૬૦ કરોડના ખર્ચે વિકસાવવાના પ્રોજેક્ટની કામગીરી શરૂ

કમલમ દૈનિક, દાહોદ,

દાહોદમાં આવેલા ધાર્મિક સ્થળોમાં કંબોઈનું પ્રખ્યાત શ્રી ગુરૂ ગોવિંદ ધામ અહીંના લોકોનું આસ્થાનું પ્રમુખ સ્થળ છે. આસપાસના રાજસ્થાન અને મધ્યપ્રદેશથી પણ લોકો અહીં દર્શનાથે આવે છે અને ગુરૂ પૂર્ણિમા અને ભાદરવા સુદ અગિયારસે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાથે આવતા હોય કંબોઈધામને રૂ. ૨.૬૦ કરોડના ખર્ચે વિકસાવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે અને પ્રોજેક્ટની કામગીરી ત્વરિત ગતિથી શરૂ કરવામાં આવી છે. કંબોઈધામ વિકસાવવાના પ્રોજેક્ટ ની કામગીરી કલેક્ટર શ્રી વિજય ખરાડીની આંગેવાનીમાં જિલ્લા પ્રવાસન સમિતિ દ્વારા કરવામાં આવી રહી છે.

કંબોઈધામને ભવિષ્યની તમામ જરૂરતોને ધ્યાનમાં રાખીને રૂ. ૨.૬૦ કરોડ ના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યું છે. ગાર્ડન, ચિલ્ડ્રન પ્લે એરિયા, કિચન તથા રૂમની સુવિધા સાથેનો હોલ, શ્રી ગુરૂ ગોવિંદની મૂર્તિ, વોશિંગ એરિયા, પાર્કિંગ, ટોઈલેટ બ્લોક સહિતની સુવિધાઓ પૂરી પડાશે. આ કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા માટે દર પખવાડિયે જિલ્લા પ્રવાસન સમિતિ દ્વારા સમીક્ષા બેઠક યોજાય છે.

કંબોઈધામને વિકસાવવાના પ્રોજેકટની કામગીરી પર કલેક્ટરશ્રી દ્વારા સીધી દેખરેખ રાખવામાં આવી રહી છે. તેઓ અવારનવાર કંબોઈધામની આકસ્મિક મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ પણ કરે છે.

ગત તા. ૭ ના રોજ પણ કલેક્ટરશ્રી દ્વારા કંબોઈધામ ની મુલાકાત લેવામાં આવી હતી અને કામગીરીની સમીક્ષા કરી હતી.

# સત્તાણું લાખની ઉદ્વહન સિંચાઇ યોજના થકી દાહોદના રાણાપુર ખુર્દ ગામના દોઢસો ખેડૂતો સોનું પકવશે




### રાણાપુર ખુર્દ ગામના ખેડૂત શ્રી દીતલાભાઈ ડામોર જણાવે છે કે આ યોજનાથી અમે બારેમાસ શાકભાજી પાકો લઈ શકશું

કમલમ દૈનિક,

ખેડૂતને જો ખેતી માટે બારેમાસ ભરપુર પાણી મળી રહે તો પૈસેટકે સમૃદ્ધિ આપોઆપ આવે છે. આવું જ કંઈ દાહોદના રાણાપુર ખુર્દ ગામના ખેડૂતો માટે થયું છે. અહીંયા રૂ. ૯૭ લાખની ઉદ્વહન સિંચાઈ યોજનાના લોકાર્પણ બાદ ખેડૂતોને સિંચાઈ માટેના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો છે. શાકભાજી પાકો માટે જાણીતા રાણાપુર ખુર્દ ગામના દોઢસો જેટલા ખેડૂતો હવે બારેમાસ શાકભાજી પાકો કરી શકશે તેની તેમને મોટી ખુશી છે.રાણાપુર ખુર્દ ગામના ખેડૂત શ્રી દીતલાભાઈ ડામોર જણાવે છે કે, અમારૂં ગામ આખા દાહોદ શહેરને શાકભાજી પાકો પૂરી પાડવા માટે જાણીતું છે. અમારા ગામ પાસેની ખાન નદીનો લાભ મોટે ભાગે કિનારા પાસે આવેલા ખેડૂતો મેળવતા હતા. અન્ય ખેડૂતોએ મશીનથી પાણી ખેંચવું પડતું.

જેનો લીટરે ખર્ચ એંશી રૂપીયા જેટલો થતો અને મશીનનો સો રૂપીયા જેટલો ખર્ચ અલગ. પહેલા સિંચાઈના પાણી માટે ભારે અગવડ પડતી. પણ હવે સિંચાઈ યોજનાનો લાભ મળતાં ગામના સૌ ખેડૂતો દરેક સીઝનમાં શાકભાજી પાકો કરી શકાશે અને સિંચાઈના પાણીનો ખર્ચ પણ નિવારી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે થોડાક સમય પહેલાં જ રાણાપુર ખુર્દ ગામ માટે રૂ. ૯૭ લાખની ઉદ્વહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ કર્યું છે. આ યોજનાથી દોઢસો ખેડૂતોની ૭૦ હેક્ટર જેટલી જમીનને ખાનનદીના પાણીનો બારેમાસ સિંચાઈ માટે લાભ મળતો થયો છે.

યોજના મુજબ ૮૭૫ મીટર જેટલી લાંબી મુખ્ય પાઈપલાઈન અને ૫૧૭૪ મીટર વિતરણ લાઈન બિછાવવામાં આવી છે. વિતરણ લાઈન પર ૩૭ કુંડી લગાવવામાં આવી છે અને પાણીના વહન માટે ૨૦ હોર્સ પાવરના એક એવા ત્રણ પમ્પ મૂકવામાં આવ્યા છે.

# મહીસાગર જિલ્લાના આદિજાતિ વિસ્તારના હિરાપુર ગામના દક્ષ માટે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ બન્યો આશીર્વાદરૂપ

### જન્મજાત કપાયેલા હોઠનું નિઃશુલ્ક ઓપરેશન થતા અશ્વિનભાઈના પરીવારમાં ખુશીની સાથે સંવેદનશીલ સરકાર પ્રત્યે આભારની લાગણી






કમલમ દૈનિક, લુણાવાડા,

બાળકોના આરોગ્ય સુખાકારી અને નિરામય સ્વાસ્થ્ય માટેના કલ્યાણકારી કાર્યક્રમોના અમલીકરણ માટે રાજ્ય સરકારનો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હર હંમેશાં તત્પર રહે છે. ત્યારે જરૂરિયાતમંદ બાળકોને પૂરતી સહાય અને સારવાર આપી અનેક બાળકોના પરિવારમાં ખુશાલી આવી છે એવા જ ઉંડાણ અને અંતરીયાળ આદિજાતિ વિસ્તારમાં મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના હિરાપુર ગામમાં ખેતમજુરી કરીને જીવન ગુજરાન ચલાવતા પરીવારના બાળકનું લાખોના ખર્ચે થતું જન્મજાત કપાયેલા હોઠનું ઓપરેશન નિઃશુલ્ક થતા પરીવારમાં ખુશીની લાગણી પ્રસરી જવા પામી છે. હિરાપુર ગામના અશ્વિનભાઈ આમલીયાર જણાવે છે કે, તેઓ ગામમાં ખેતમજુરી કરી જીવન ગુજરાન ચલાવે છે તેમના દિકરા દક્ષનો જન્મ સ્ટેટ હોસ્પિટલ ખાતે થયો હતો તે સમયે ઘરમાં ઘણો જ આનંદ હતો. પરંતુ જ્યારે એ જાણવા મળ્યુ કે,મારા દિકરા દક્ષને હોઠ કપાયેલો છે તે જાણી અમને ઘણુંજ દુઃખ થયું તેને સારુ કરવા મુજ ગરીબને કયાંથી પૈસા મળશે અને મને કોણ સહાય કરશે એ જ વિચારમાત્રથી મારૂ હદય કંપી ઉઠ્યું. તેવા કપરા સંજોગોમાં આ દિકરા વિશે આર. બી. એસ. કે ના ડૉ.ભૌમિક પટેલ અને ડૉ.ઝીનલ રાઠોડની ટીમની તપાસ દરમ્યાન જાણ થતા તેમની ટીમે તાત્કાલીક અમારા ઘરની મુલાકાત લીધી. આર.બી.એસ.કે ટીમની તપાસ બાદ તેને લઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-ગોઠીબ ખાતે તપાસ કરાવી અને વધુ સારવાર માટે સંતરામપુર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં લાવ્યા હતા. ત્યાર બાદ તેને ઓપરેશનની જરુર જણાતા વડોદરાની કાશીબા ચિલ્ડ્રન હોસ્પીટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં સ્માઈલ ટ્રેન પ્રોગ્રામ અંતર્ગત ૨ જી નવેમ્બર ૨૦૨૦ના રોજ દક્ષનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. હાલમાં તે સ્વસ્થ તંદુરસ્ત અને હસતો રમતો થઈ ગયો છે. ઓપરેશન બાદ આર.બી.એસ.કે.ની ટીમ દક્ષના આરોગ્યની ચકાસણી માટે અવાર નવાર ગૃહ મુલાકાત લે છે. સરકારશ્રીના આરોગ્ય વિભાગ ધ્વારા ચાલતા શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત અમને લાભ મળ્યો છે. અંદાજે એક થી દોઢ લાખના ખર્ચે થતું હોઠનું સફળ ઓપરેશન કોઈપણ જાતના ખર્ચ વિના તેમજ આરોગ્યના કર્મચારીઓના સાથ અને સહકારથી થતા આ આરોગ્ય સેવા મળી તે બદલ હું સરકારનો ઋણી છું.

શાળા આરોગ્ય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ન હોત તો મુજ ગરીબ ખેતમજુર પરીવારની આ બાળકને આજીવન આ જન્મજાત ખામી સહન કરવી પડતી, જેના વિચાર માત્રથી મારું હ્દય કંપી ઉઠે છે. પરંતુ આ કાર્યક્રમથી મારા દિકરાની આ જન્મજાત ખામી દૂર થતા તે સારુ જીવન જીવી શકશે. સરકારની આ યોજનાથી મારો દિકરો દક્ષ આજે બીજા બાળકોની જેમ સ્વસ્થ જીવન જીવી રહ્યો છે. તે માટે હું સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સરકારનો અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના સભ્યોનો હ્દય પૂર્વક આભાર માનું છું. તથા ભવિષ્યમાં અમારા જેવા અનેક લાભાર્થીઓ માટે આ યોજના આશાનું કિરણ બને તેવી શુભેચ્છા પાઠવું છું.

### વાત છે મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના વતની બાળકના પુનઃસ્થાપનની

# આણંદ જિલ્લા બાળ સુરક્ષા એકમના પ્રયાસોથી બાળકનું સુખદ પુનઃસ્થાપન બન્યું શક્ય



### અંદાજે બે(૨) મહિના બાદ પરત મળી આવતા પૌત્રને જોઈને દાદીની આંખોમાં ખુશીના આંસુઓ વહેવા માંડયા અને તેઓ ભાવવિભોર બન્યાં

કમલમ દૈનિક, આણંદ

અરે દિકરા કોણ છે તું અને રેલ્વે સ્ટેશન પર કેમ ફરી રહ્યો છું? તું અહીં ઘણા સમયથી જોવા મળી રહ્યો છું તારે તારા ઘરે નથી જવાનું? તારા પરિવારજનો તારી રાહ જોતા હશે ! આ શબ્દો નડિયાદ ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના અધિકારી દ્વારા રેલ્વે સ્ટેશન પર ફરી રહેલા અને અજાણ્યા જેવા લાગતાં બાળકને પૂછતાં બાળકે કોઈ પણ પ્રકારનો જવાબ ન આપતાં તેમને શંકા ગઈ અને પછી શું થયું આવો જાણીએ... અહીં વાત છે, મહારાષ્ટ્ર રાજ્યના નાગપુર જિલ્લામાં રહેતા બાળકની મહારાષ્ટ્ર રાજયનાં નાગપુર જિલ્લામાં રહેતો આ બાળક કે જેના માતા-પિતાનું અવસાન થતાં તે તેના દાદી અને કાકા સાથે રહેતો હતો, પરંતુ ઘરમાં રોજે રોજના ઝઘડાંને કારણે તેને પરીવારજનો દ્વારા વારંવાર ઠપકો મળતાં તેણે ઘર છોડવાનો રસ્તો અપનાવ્યો હતો. જે બાદ તે નડીયાદ આવી પહોંચ્યો હતો. નડીયાદ રેલ્વે સ્ટેશન પરથી ચાઈલ્ડ લાઈન અને વેલ્ફેર કમિટીને આ અજાણ્યો બાળક મળી આવતાં આ બાળકને આણંદ જિલ્લાના ચિલ્ડ્રન હોમમાં આશ્રય માટે લાવવામાં આવ્યો હતો જે બાદ જિલ્લાની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી દ્વારા આ બાળકને ચિલ્ડ્રન ફોર બોયઝ વિદ્યાનગરમાં આશ્રય આપવામાં આવ્યો હતો. આ બાળકને આશ્રય આપ્યા બાદ સંસ્થા દ્વારા બાળકનું સતત કાઉન્સેલીંગ કરવામાં આવતું હતું જેમાં બાળકને તેના પરીવાર અંગે અને તે કયાંનો વતની છે તે અંગે પૂછપરછ કરવામાં આવતી હતી. સંસ્થા દ્વારા બાળકનું સતત કાઉન્સેલિંગ કરતા છેવટે બાળકે મહારાષ્ટ્ર રાજયનાં નાગપુર જિલ્લાનો વતની હોવાનું જણાવ્યું હતું. બાળક પાસેથી મળેલી વિગતના આધારે બાળકના પરીવાર સાથે પુનઃસ્થાપન કરાવવા માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં હતા, પરંતુ બાળકના કુટુંબીજનોની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે તેમજ કોરોના મહામારીને લીધે રોજગારીનો સ્ત્રોત ઉપલબ્ધ ન હોવાથી તેઓ બાળકને લેવા આવવા માટે તૈયાર ન હતા. જેથી બાળકને તેના પરિવાર સાથે પુનઃસ્થાપન કરાવવાની કામગીરીમાં થોડો વિલંબ થયો હતો. આ બાળકને તેના પરીવાર સુધી કોઈ પણ રીતે પહોંચાડવાનું મન બનાવી લીધેલ જિલ્લા બાળ સુરક્ષા એકમના જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી પાર્થ ઠાકર અને સુરક્ષા અધિકારી(સંસ્થાકીય સંભાળ) જીગીશા ઝાલાએ સતત પ્રયાસો શરૂ કર્યા અને નાગપુર ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી સાથે સતત સંપર્ક અને સંવાદ તેમજ પત્રવ્યવહાર કરીને બાળકને કચેરીના સ્ટાફ અને પોલીસ એસકોર્ટ સાથે મૂકવા આવવાની તેમજ ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ સોસાયટી દ્વારા પણ આ બાળકને મુકવા જવાની મંજૂરી મેળવવામાં આવી અને આ મંજૂરી સંબંધિતો દ્વારા આપવામાં આવી હતી. આ મંજૂરી મળતાં જ આ બાળકને તા.૧૦-૧૧-૨૦૨૦ના રોજ ટ્રેન મારફતે જિલ્લા બાળ સુરક્ષા એકમના જીમી પરમાર, સુરક્ષા અધિકારી, બિનસંસ્થાકીય સંભાળ દ્વારા પોલીસ એસકોર્ટ સાથે બાળકને તેના પરિવાર સાથે પુનઃસ્થાપન માટે નાગપુર લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ચાઈલ્ડ લાઈન વેલફેર કમિટીના ચેરમેનશ્રી, સભ્યશ્રીઓ અને જિલ્લા બાળસુરક્ષા અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં બાળકને સલામત રીતે દાદીને સોંપવામાં આવ્યો હતો. અંદાજે ૨ મહિના બાદ પોતાના પૌત્રને જોતા જ દાદીની આંખોમાં ખુશીના આંસુઓ વહેવા માંડયા હતા અને તેઓ ભાવવિભોર બની ગયાં હતાં. આમ, જિલ્લા બાળ સુરક્ષા એકમ આણંદ, ચાઈલ્ડ લાઈન વેલફેર કમિટી આણંદ, પોલીસ વિભાગના સંયુકત પ્રયાસોથી પોતાનું ઘર છોડીને નીકળી ગયેલ બાળકનું આજે પોતાના જ પરીવારમાં સફળતા પૂર્વક પુનઃસ્થાપન થયું હોવાનું આણંદના જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી એસ.એમ.વ્હોરાએ જણાવ્યું છે.

# વિસાવદર પોલીસ સ્ટેશનના ૧૦૨ જીઆરડી જવાનોની ૧૫ દિવસની તાલીમ પૂર્ણ - ૮૫ પુરૂષ અને ૧૭ મહિલાઓને કાયદાકીય જ્ઞાન સાથે બેઝિક તાલીમ અપાઇ



કમલમ દૈનિક, જૂનાગઢ

વિસાવદર પોલીસ સ્ટેશનમાં ૮૫ પુરૂષ અને ૧૭ મહિલા સહિત કુલ ૧૦૨ જીઆરડી(ગ્રામ્ય રક્ષક દળ)ની ભરતી કરવામાં આવી હતી. જેમાં તેમને ૧૫ દિવસની તાલીમમાં કાયદાકીય જ્ઞાન સાથે બેઝિક તાલીમ અપાઈ હતી. જૂનાગઢ રેન્જના આજીપી મનીન્દરસિંહ પવાર તથા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.કે.ત્રિવેદીના સુપરવિઝન હેઠળ દ્વારા ૧૦૨ તાલીમાર્થીઓને ૧૫ દિવસની કાયદાકીય જ્ઞાન અને બેઝિક તાલીમ આપી ગ્રામ્ય સુરક્ષાને મજબુત કરવાની જહેમત ઉઠાવી હતી. આ તાલીમના પૂર્ણાહુતિ પ્રસંગે વિજયબાપુ સત્તાધાર મહંત, વિસાવદર પોલીસ સ્ટેશનના પીઆઈ પટેલ, હરસુખભાઈ લોઢીયા, જિલ્લા મહિલા સંગઠનના સંગીતાબેન ધંધુકીયા સહિતના હાજર રહી જીઆરડી જવાનોનું પરેડ નિરીક્ષણ કર્યું હતું અને તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન જીઆરડી કલાર્ક સુરેશભાઈ હિરાણીએ કર્યું હતું. જ્યારે કાર્યક્રમની આભાર વિધી આરએસઆઈ જોષીએ કરી હતી.



# મહિસાગર જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પ્રભારી મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમારના અધ્યક્ષસ્થાને યોજાઇ




### ગુજરાત પેટર્ન યોજના વર્ષ-૨૦૨૦-૨૦૨૧ ના વર્ષનું રૂપિયા ૧૪૭૮ લાખની જોગવાઈ સામે ૧૬૬૫ લાખનું આયોજન

કમલમ દૈનિક, લુણાવાડા,

સરસ્વતી હોલ ગાંધીનગર ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કૃષિ (રાજય કક્ષા) પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) વિભાગના મંત્રીશ્રી અને જિલ્લા પ્રભારીમંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારની અધ્યક્ષતામાં ગુજરાત પેટર્ન યોજના વર્ષ-૨૦૨૦-૨૧ ના આયોજન અંગે મહીસાગર જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક કોવિડ-૧૯ ની પરીસ્થિતિને ધ્યાને લઇ સામાજીક અંતર જાળવી વર્ચ્યુઅલી યોજવામાં આવી હતી. મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી વીસી હોલ લુણાવાડા ખાતે આ બેઠકમાં પંચમહાલ સાંસદ સભ્યશ્રી રતનસિંહ રાઠોડ, સંતરામપુર ધારાસભ્યશ્રી કુબેરભાઈ ડીંડોર, લુણાવાડા ધારાસભ્યશ્રી જીગ્નેશભાઈ સેવક તથા જિલ્લા કલેક્ટરશ્રી આર.બી.બારડ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી આર.પી.બારોટ, પ્રાયોજના વહીવટદારશ્રી સહિત અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં તેમજ જિલ્લા પંચાયત વીસી હોલ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંજુલાબેન ખાંટ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નેહા કુમારી, જિલ્લા - તાલુકાના પદાધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ અને સંતરામપુર મામલતદાર કચેરી ખાતે કડાણા અને સંતરામપુરના અધિકારીશ્રીઓ પદાધિકારીશ્રીઓએ ચર્ચા વિચારણામાં ભાગ લઈ ગુજરાત પેટર્ન યોજના ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષના કામોને બહાલી આપી હતી.

આ બેઠકમાં ગુજરાત પેટર્ન યોજના વર્ષ-૨૦૨૦-૨૦૨૧ ના વર્ષનું કુલ રૂપિયા ૧૪૭૮ લાખની જોગવાઈ સામે ૧૬૬૫ લાખનું આયોજન ૧૧૨ ટકા કામોને બહાલી આપવામાં આવી ત્યારે મંત્રીશ્રી પરમારે જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૧૯-૨૦૨૦ ના વર્ષના બાકી કામો સત્વરે પૂર્ણ થાય તે માટે જે તે વિભાગ ધ્વારા સત્વરે ઘટતી પ્રક્રિયા હાથ ધરવા તેમજ આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટના કામો સમય મર્યાદામાં પુર્ણ કરવા અમલીકરણ અધિકારીશ્રીઓને સુચના આપી હતી.

ગત બેઠકની આદિજાતિ વિકાસ મંડળની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ના કામોની પ્રગતિની સમીક્ષા, વર્ષ–૨૦૧૯-૨૦ માં જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં મંજુર થયેલ કામો પૈકી ફેરબદલના કામો, વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષમાં આયોજન બાકી હોય તેવી ગ્રાંટનું આયોજન કરવા બાબતે ચર્ચા વિચારણા કરી બહાલી આપવામાં આવી હતી.

મીટીંગની શરૂઆતમાં જિલ્લા કલેક્ટરશ્રી બારડે શાબ્દિક સ્વાગત અને અંતમાં આભાર દર્શન કર્યું હતું.

# મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અન્વયે રાજકીય પક્ષોના પ્રતિનિધિ સાથે બેઠક યોજતા કલેક્ટરશ્રી ડો.નરેન્દ્રકુમાર મીના.




કમલમ દૈનિક, દ્વારકા

કલેકટર કચેરીના સભા ખંડમાં મતદાર યાદી સુધારણા જુંબેસ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેકટરશ્રી ડો.નરેન્દ્રકુમાર મીનાના અધ્યક્ષ સ્થાને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મિટીંગ મળી હતી. આ તકે કલેકટરશ્રી ડો.નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું હતુ કે, તા.૨૨-૧૧-૨૦૨૦(રવિવાર) તા.૨૯-૧૧-૨૦૨૦,(રવિવાર) તા.૦૬-૧૨-૨૦૨૦(રવિવાર) તા.૧૩-૧૨-૨૦૨૦(રવિવાર), સમય સવારે ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦, સ્થળ-આપના મતદાન મથકે મળવુ-આપના બુથ લેવલ અધિકારીને નવુ નામ નોધાવવુ - ફોર્મૅ નં – ૬, નામ કમી કરાવવુ - ફોર્મૅ નં – ૭, નામ માં સુધારો ફોર્મૅ નં – ૮ સ્થળ બદલવુ ફોર્મૅ નં- ૮ ક ભરવું. આપનુ/આપના પરીવારનુ તેમજ આપની સોસાયટી કે મહોલ્લા ના દરેક વ્યક્તી ને જાણ કરો મતદાર યાદી સુધારણા પોગ્રામનો આપની અનુકુળતાએ લાભ લેવા કલેકટરશ્રીએ અનુરોધ કર્યો હતો. નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી ગોવિંદસિંહ રાઠોડે મતદાનમાં નામ નોંધાવા, સુધારા/વધારા કરવા માટે માર્ગદર્શન આપ?યું હતું. તેમજ ૧૮ વર્ષની વય પુરી કરનાર યુવા મતદારોને પોતાનુ નામ મતદાર યાદીમાં નોંધાવવા ખાસ અપીલ કરી હતી. યાદી માં આપનું નામ ચેક કરવા માટેની લીંક. https://erms.gujarat.gov.in/ceo-gujarat/master/Elector-Search-Dist-AC-Serial.aspx નો ઉપયોગ કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં રાજકીય પક્ષોના પ્રતિધિનિશ્રીઓ ઉપસથિત રહયા હતા.





# લોકો દિવાળીની ઉજવણી સંયમપૂર્વક કરી કોરોનાને મ્હાત આપે: કલેક્ટર શ્રી રવિશંકર

કમલમ દૈનિક, જામનગર

જામનગર ખાતે કલેકટરશ્રી રવિશંકર દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ હતી, જેમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, જામનગર ખાતે આગામી ૧૩ નવેમ્બરના રોજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીને નેશનલ ઈમ્પોર્ટન્સ ઘોષિત કરી રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે. આ સન્માન સાથે આયુષ વિભાગની કામગીરીનો લોકોમાં ખૂબ પ્રસાર જોવા મળ્યો છે તેમ ઉમેરી કલેકટરશ્રીએ કહ્યું હતું કે, આયુર્વેદ ભારતની સૌથી પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ છે, લોકો અલ્ટરનેટિવ મેડિસિન તરીકે ફરી આયુર્વેદ તરફ વળી રહ્યા છે ત્યારે ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ દ્વારા આયુર્વેદમાં સંશોધનની તકો વધશે. આ સાથે જ કલેકટર જામનગરની કોવિડની પરિસ્થિતિનો સંપૂર્ણ ચિતાર આપતા જણાવ્યું હતું કે, જામનગરમાં હાલ સુધીમાં કુલ ૯૦૦૦ જેટલા કેસ જોવા મળ્યા છે. ધીરે ધીરે સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે પરંતુ તહેવારોના દિવસોમાં લોકો યાદ રાખે કે કોરોનાથી આપણે હજુ સંપૂર્ણ મુક્ત થયા નથી. જ્યાં સુધી વેકસિન નહીં ત્યાં સુધી લાપરવાહી નહીં તેમ કહી કલેકટરશ્રીએ કહ્યું હતું કે, લોકો દિવાળીના તહેવારને પણ સંયમિત રીતે ઉજવે. સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્કનો ઉપયોગ અને આવશ્યકતા વગર ઘરની બહાર ન નીકળે અને ઘરના વડીલો ખાસ ધ્યાન રાખે તે ખૂબ આવશ્યક છે. દિવાળીમાં ભેટનું આદાન-પ્રદાન, સ્નેહમિલન જેવી બાબતો કોરોનાના સંક્રમણનો ફેલાવો કરી શકે છે ત્યારે સંયમ રાખી નિયમોનું પાલન કરી દિવાળીની સુખરૂપ ઉજવણી કરવા જિલ્લા સમાહર્તાએ જામનગરવાસીઓને અપીલ કરી છે.

# કિશોરીઓને જિલ્લા સમાહર્તાના હસ્તે પોષણ કિટનુ વિતરણ



કમલમ દૈનિક,

સાબરકાંઠા જિલ્લા સમાહર્તા શ્રી સી.જે. પટેલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. રાજેન્દ્ર પટેલના હસ્તે કિશોરી લાભાર્થીઓને અમૂલની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આજની કિશોરી આવતી કાલની માતાઓ હોવાથી કિશોરીઓમાં કુપોષણ ના રહે તે માટે સરકાર ખાસ દરકાર લઈ રહી છે. જે અંતર્ગત કિશોરીઓને અમૂલ ડેરી તરફથી પોષણ કિટનુ વિતરણ કરવામાં આવે છે. જેમાં અમૂલ દૂધ પોટીન પાવડર અને દિવાળી નિમિત્તે મિઠાઈ આપવામાં આવી હતી.

# રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે કચ્છ ભુજના આશાપુરા ફાર્મની મુલાકાત લીધી

## રાજયપાલશ્રીના હસ્તે પ્રાકૃતિક ખેતીથી થતાં કમલમ, સ્ટ્રોબેરી અને કચ્છની મૂળ ખારેક તેમજ સક્કરટેટીના રોપાનુ વાવેતર





કમલમ દૈનિક, ભુજ

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતએ આજે કચ્છના ભુજ નજીક આશાપુરા ફ્રુટ ફાર્મના ત્રણ પ્લાન્ટેશનની મુલાકાત લીધી હતી. અહીં જુદી-જુદી ત્રણ સાઈટ પર વિશાળ જમીનમાં મલ્ચીંગ અને ટપક સિંચાઈ પદ્ધતિ તેમજ નેટ હાઉસ સાથે ફ્રુટ અને કાકડી સહિતના શાકભાજીની આધુનિક ઢબે પ્રાકૃતિક ખેતી થાય છે. રાજ્યપાલશ્રીએ સૌપ્રથમ ૪૫ એકર જમીનમાં નવા પ્લાન્ટેશન રૂપે કચ્છની મૂળ લાલ ખારેક તેમજ કમલમ (ડ્રેગન) ફળનું રોપણ કર્યું હતુ. કચ્છના પ્રગતિશીલ ખેડૂત હરેશભાઈ ઠક્કરના ત્યાર પછીના ફાર્મમાં ગૌશાળા અને જીવામૃત પહોંચાડવાની સિસ્ટમ તેમજ ખારેકના વૃક્ષો નું નિરીક્ષણ કર્યું હતું. ત્રીજા ફાર્મમાં નેટ અને પંખા સાથે અનુકૂળ વાતાવરણમાં મબલખ ઉત્પાદન આપતી કાકડીના પાકનુ તેમજ કમલમ ફળ, દાડમ અને સ્ટ્રોબેરીના વાવેતરનું નિરીક્ષણ કર્યું હતું. તેઓએ સ્ટ્રોબેરી અને સક્કરટેટીના રોપાને જીવામૃતનો પણ છંટકાવ કરી પ્રગતિશીલ ખેડૂત ઠક્કર પરિવારને શુભેચ્છા પાઠવી હતી.

# જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા ગેરકાયદેસર બાયોડીઝલના ૧૩,૫૦૦ લીટરના જથ્થા સહિત૧૦.૬૫ લાખનો મુદામાલ સીઝ કરાયો

## જિલ્લામાં બાયોડીઝલના ખરીદ-વેચાણ અંગે કોઈ ગેરરીતિ ધ્યાને આવે તો તાત્કાલિક જિલ્લા પુરવઠા કચેરીનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ કરાયો

કમલમ દૈનિક, ભાવનગર

ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના કાનપર ગામે તા.૦૫/૧૧/૨૦૨૦ના રાત્રીના ૦૨.૦૦ કલાકે જે.કે.હોટલની પાછળ જય અંબે ટ્રેડર્સ પેઢી દવારા ગેરકાયદેસર બાયોડીઝલનું વેચાણ થઈ રહયુ હતુ. જિલ્લા પુરવઠા અધિકારી શ્રી ભુમિકા વાટલિયાને આ બાબતે બાતમી મળતા તેઓએ શ્રી રાજેશ પટેલ, પુરવઠા નિરીક્ષક તથા શ્રી હરપાલસિંહ ખેર, ક્લાર્કની સાથે ઉકત સ્થળે દરોડા પાડેલ. સમગ્ર રાત્રિ દરમ્યાન કરવામાં આવેલ તપાસણીની કાર્યવાહીમાં ટીમ દ્વારા ગેરકાયદેસર બાયોડીઝલનો અંદાજિત ૧૩,૫૦૦ લીટરનો જથ્થો તેમજ લોખંડના કુલ ૩ (ત્રણ) ટાંકા તથા અન્ય મુદ્દામાલ મળીને કુલ રૂ.૧૦,૬૫,૦૦૦/- કિંમતનો જથ્થો સરકારશ્રી વતી સીઝ કરવામાં આવેલ.સીઝ કરેલ જથ્થા પૈકી લોખંડના ટાંકાઓની તપાસ હાથ ધરવામાં આવશે તેમજ બાયોડીઝલના નમુના પૃથક્કરણ અર્થે અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરને મોકલવામાં આવશે.

પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ સદરહું પેઢીના માલીક શ્રી ચૌહાણ હુકમસિંહ જાલમસિંહ વિરુદ્ધ મહેસુલી કલેકટરશ્રી, ભાવનગરની કોર્ટમાં કેસ ચલાવીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા જાહેર જનતાને જણાવાયુ છે કે, ગેરકાયદેસર રીતે બાયોડીઝલનું ખરીદ/વેચાણ કરવુ કાયદેસરનો ગુન્હો બને છે. વધુમાં જિલ્લાની જાહેર જનતાને અપીલ છે કે, જિલ્લામાં બાયોડીઝલના ખરીદ/વેચાણ અંતર્ગત કોઈ ગેરરીતિ જણાય તો તાત્કાલિક જિલ્લા પુરવઠા કચેરી, ભાવનગરનો સંપર્ક કરવો અથવા dso-bav@gujarat.gov.in પર ઈ-મેઈલથી જાણ કરવા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા અનુરોધ કરવામા આવ્યો છે.



# ભાવનગર જિલ્લાની હદને કોરોના પ્રુફ બનાવવા દરેક પ્રવેશ સ્થળે થશે કોરોના ટેસ્ટ

## અધેળાઈ, કેરિયા ઢાળ તથા ઘોઘા રો-પેક્સ ટર્મિનલ ખાતે પણ થશે મુસાફરોના કોવિડ ટેસ્ટ



કમલમ દૈનિક, ભાવનગર

હાલ સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી અમલમાં છે. વિશ્વ આરોગ્ય સંસ્થા(WHO) દ્વારા તેને કોરોના મહામારી જાહેર કરેલ છે.

છેલ્લા સાત માસથી સમગ્ર વહીવટી તંત્ર કોરોના રોગચાળાને નાથવા દિનરાત મહેનત કરી રહ્યુ છે જેના થકી સદર રોગચાળો જિલ્લામાં હાલ અંશતઃ કાબુમાં છે. આગામી દીવસોમાં દીવાળીના તહેવારનો પ્રારંભ થનાર છે. ત્યારે આ તહેવારો દરમિયાન જિલ્લામાં લોકોનું આવાગમન વધે એ સ્વાભાવિક છે.ત્યારે જિલ્લામાં કોરોનાના કેસોમાં વધારો ન થાય તેમજ કોરોના સંક્રમણ આગળ ન વધે તે આશયથી ભાવનગર જિલ્લાના બે મુખ્ય પ્રવેશદ્વાર અધેલાઈ અને કેરીયાઢાળ ખાતે 24× 7 રેપીડ એન્ટીજન ટેસ્ટ તથા ધોધા ખાતે હાલમાં શરૂ થયેલ ધોધા-દહેજ રો-પેકસ ફેરી સર્વીસના ધોધા(ભાવનગર) પહોંચવાના સમયે તમામ મુસાફરોનો ફરજીયાત રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવાની કામગીરી જિલ્લા કલેકટર શ્રી ગૌરાંગ મકવાણાની સુચના અન્વયે પ્રારંભ કરવામાં આવેલ છે. સાથે સાથે તહેવારો દરમ્યાન કોરોનાનો રોગચાળો વધતો અટકાવવા લોકો માસ્ક પહેરે, સેનીટાઈઝરનો નિયમીત ઉપયોગ કરે તથા સોશ્યલ ડીસ્ટન્સીંગ જાળવે આ મુળ ત્રણ બાબતોનો ખાસ અમલ કરવા પણ જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા લોકોને અપીલ પણ કરવામાં આવી છે. જેથી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતુ અટકાવી શકાય અને ભાવનગર જિલ્લો જલ્દીથી કોરોના મહામારીમાંથી મુક્ત બની શકે.

# પ્રધાનમંત્રી ૧૩ નવેમ્બરના રોજ ૫મા આયુર્વેદ દિવસના અવસરે રાષ્ટ્રને બે આયુર્વેદ સંસ્થાઓ સમર્પિત કરશે



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી ૧૩ નવેમ્બર, ૨૦૨૦ના રોજ ૫મા આયુર્વેદ દિવસે ભવિષ્ય માટે તૈયાર એવી બે આયુર્વેદ સંસ્થાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે. આ સંસ્થાઓમાં જામનગરની આયુર્વેદમાં અધ્યાપન અને સંશોધન સંસ્થા (આઈટીઆરએ) અને જયપુરની રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થા (એનઆઈએ) સામેલ છે. બંને સંસ્થાઓ દેશમાં આયુર્વેદની મુખ્ય સંસ્થાઓ છે. આઈટીઆરએને સંસદના અધિનિયમ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની મહત્વની સંસ્થા (આઈએનઆઈ) નો દરજ્જો જ્યારે એનઆઈએને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા યુનિવર્સિટી માનવામાં આવતી સંસ્થાનું સન્માન આપવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૬થી આયુષ મંત્રાલય ધનવંતરી જયંતી (ધનતેરસ) નિમિત્તે દર વર્ષે 'આયુર્વેદ દિવસહ્વ ઉજવે છે. આ વર્ષે તે ૧૩ નવેમ્બરના રોજ ઉજવાશે. કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા ૫મો આયુર્વેદ દિવસ ૨૦૨૦ મોટાભાગે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર ઉજવવામાં આવશે. પ્રધાનમંત્રી દ્વારા ઉપરોક્ત બંને સંસ્થાઓને રાષ્ટ્રને સમર્પિત કરવાનો પ્રસંગ ૧૩ નવેમ્બરના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે https://pmevents.ncog.gov.in ના માયગોવ પ્લેટફોર્મ પર પ્રસારિત કરવામાં આવશે. આયુષ મંત્રાલયે માયગોવ પ્લેટફોર્મ પર નોંધણી કરીને ઈવેન્ટનો ભાગ બનવા માટે સૌને આમંત્રણ આપ્યું છે.

આઈટીઆર એ, જામનગરઃ તાજેતરમાં સંસદના અધિનિયમ દ્વારા બનાવવામાં આવેલી આયુર્વેદમાં અધ્યાપન અને સંશોધન સંસ્થા (આઈટીઆરએ), એક વૈશ્વિક સ્તરની હેલ્થકેર સંસ્થા તરીકે ઉભરી શકે તેમ છે. આઈટીઆરએમાં ૧૨ વિભાગો, ત્રણ ક્લિનિકલ પ્રયોગશાળાઓ અને ત્રણ સંશોધન પ્રયોગશાળાઓ છે. તે પરંપરાગત દવાઓના સંશોધન કાર્યમાં પણ અગ્રેસર છે અને હાલમાં તે ૩૩ સંશોધન પ્રોજેક્ટ ચલાવે છે. જામનગરના ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી કેમ્પસમાં ચાર આયુર્વેદ સંસ્થાઓના કલસ્ટરને જોડીને આઈટીઆરએની રચના કરવામાં આવી છે. આયુષ સેક્ટરની તે પહેલી સંસ્થા છે જેની સ્થાપના રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા (INI) ના દરજ્જાની છે. અપગ્રેડ કરેલી સ્થિતિ સાથે આઈટીઆરએને આયુર્વેદ શિક્ષણના ધોરણને અપગ્રેડ કરવાની સ્વાયત્તા અપાશે કારણ કે તે આધુનિક, આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ અભ્યાસક્રમો પ્રદાન કરશે. આગળ, તે આયુર્વેદને સમકાલીન પદ્ધતિ દ્વારા પીઠબળ આપવા માટે આંતર-શિસ્ત સહયોગ પૂરો પાડશે.

એનઆઈએ, જયપુરઃ દેશવ્યાપી પ્રતિષ્ઠાવાળી આયુર્વેદની સંસ્થા એનઆઈએને ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી (દે નોવો કેટેગરી)નું પદ હાંસલ થઈ રહ્યું છે. ૧૭૫-વર્ષ જુનો વરસો છે અને છેલ્લા કેટલાક દાયકાઓમાં અધિકૃત આયુર્વેદને સાચવવા, પ્રોત્સાહન આપવા અને આગળ વધારવા માટે એનઆઈએનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. હાલમાં એનઆઈએ પાસે વિવિધ ૧૪ વિભાગો છે. સંસ્થામાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ૯૫૫ વિદ્યાર્થીઓ અને ૭૫ અધ્યાપકોના કુલ ઈન્ટેક સાથે વિદ્યાર્થી-શિક્ષકનો ગુણોત્તર ખૂબ જ સારો છે. આ સંસ્થા પ્રમાણપત્રથી લઈને ડોકટરેટ કક્ષા સુધીના આયુર્વેદના અસંખ્ય અભ્યાસક્રમો ચલાવે છે. અત્યાધુનિક લેબ સુવિધાઓની સાથે એનઆઈએ સંશોધન પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહી છે. હાલમાં, તે ૫૪ વિવિધ સંશોધન પ્રોજેક્ટ ચલાવે છે. ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી (ડી નોવો કેટેગરી) હોવાના માન સાથે રાષ્ટ્રીય સંસ્થા ત્રીજા તબક્કે આરોગ્ય સંભાળ, શિક્ષણ અને સંશોધનના ઉચ્ચત્તમ ધોરણોને હાંસલ કરીને નવી ઉંચાઈએ પહોંચવાની તૈયારીમાં છે.

# કોરોના મહામારી અંતર્ગત રાજ્ય સરકારના હકારાત્મક નિર્ણયો અને ડિજીટલાઈઝેશનના પરિણામે દસ્તાવેજ નોંધણીમાં ઉત્તરોત્તર વધારો - મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ

- છેલ્લા સાત માસમાં રાજ્યમાં ૫,૧૬,૫૦૯ દસ્તાવેજોની નોંધણી : સ્ટેમ્પ ડ્યુટી પેટે રૂા.૨૭૧૦ કરોડની અને દસ્તાવેજ નોંધણી પેટે રૂા.૩૮૯ કરોડની એમ કુલ મળીને રૂા.૩૦૯૯ કરોડની આવક
- iORA પોર્ટલ દ્વારા દસ્તાવેજોની ઈન્ડેક્ષ-૨ અને બોજા પ્રમાણપત્રની ૩૨,૨૪૮ નકલો ઘરે બેઠા પહોંચાડાઈ : રૂા.૧.૪૨ કરોડની આવક
- વધારે ઘસારો રહેતી રાજ્યની ૨૭ જેટલી સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી માટેનો સમય વધારી સવારે ૧૦.૩૦ થી રાત્રિના ૯.૦૦ વાગ્યા સુધીનો કરાયો

કમલમ દૈનિક,

મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોરોનાની વૈશ્વિક મહામારી અંતર્ગત મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે લીધેલા હકારાત્મક નિર્ણયો અને મહેસૂલી સેવાઓનું ડિઝીટલાઈઝેશન કરવાને પરિણામે લોકડાઉન બાદ રાજ્યમાં દસ્તાવેજ નોંધણીમાં ઉત્તરોત્તર વધારો થયો છે અને છેલ્લા સાત માસ દરમ્યાન ૫,૧૬,૫૦૯ દસ્તાવેજોની નોંધણી થઈ છે. સ્ટેમ્પ ડયુટી પેટે રૂા.૨૭૧૦ કરોડ અને નોંધણી પેટે રૂા.૩૮૯ કરોડ એમ કુલ મળીને રૂા.૩૦૯૯ કરોડની આવક થઈ છે. મહેસૂલ મંત્રીશ્રીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ (કોરોના) મહામારીના કારણે લાગુ થયેલ લોકડાઉન બાદ રાજ્યમાં તા.૨૪મી એપ્રિલ-૨૦૨૦ના રોજ પ્રથમ તબક્કામાં ગ્રામ્ય વિસ્તારની કુલ-૯૮સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ, તા.૧૧મે-૨૦૨૦થી નગરપાલિકા વિસ્તારની ૧૧૪ મળીને કુલ-૨૧૨ સબ રજીસ્ટ્રાર કચેરીમાં અને તા.૧લી જૂન-૨૦૨૦થી રાજયની તમામ ૨૮૭ સબ રજીસ્ટાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, એપ્રિલ-૨૦૨૦ના છેલ્લા અઠવાડિયામાં દસ્તાવેજ નોંધણીની પ્રકિયા શરૂ કરાયા બાદ સ્થાનિક પ્રતિબંધો, કન્ટેન્ટમેન્ટ ઝોન વિસ્તારોમાં લાગુ પ્રતિબંધો, મર્યાદિત વાહન વ્યવહાર છુટ અને કોરોનાના ડરના કારણે શરૂઆતના એપ્રિલ, મે અને જુન-૨૦૨૦માં નોંધણી થયેલ દસ્તાવેજોની સંખ્યામાં, સ્ટેમ્પડ્યુટી તથા નોંધણી ફીની આવક ઓછી રહેવા પામી હતી. જુલાઈ અને ઓગસ્ટ-૨૦૨૦માં અગાઉના નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના માસની સરખામણીમાં દસ્તાવેજની સંખ્યા, સ્ટેમ્પડ્યુટી તથા નોંધણી ફીની આવકમાં નજીવો ઘટાડો રહેવા પામ્યો હતો. જયારે સપ્ટેમ્બર તથા ઓકટોબર -૨૦૨૦માં અગાઉનાસપ્ટેમ્બરઅનેઓકટોબર-૨૦૧૯ની તુલનાએ દસ્તાવેજની સંખ્યામાં ૨૩% નો અને આવકમાં ૭.૪ % નો વધારો થયો છે. જેથી હાલ મંદીનું વાતાવરણ રાજ્યમાં જોવા મળતું નથી. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મહેસુલ વિભાગ દ્વારા નાગરિકોને ઘેર બેઠા સેવાઓ ઉપલબ્ધ કરાવવાના અભિગમને સાકાર કરવા અત્રેના તાબાની સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં નોંધાતા દસ્તાવેજોની ઈન્ડેક્ષ-૨ તથા ઈક્રમ્બરન્સ સર્ટીફીકેટ (બોજા પ્રમાણપત્ર) નાગરિકો ઘેર બેઠા મેળવી શકે તેવી સુવિધાૉઈછ પોર્ટલ ઉપર તા.૦૯/૦૯/૨૦૨૦ થી ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સુવિધાના લીધે ઇન્ડેક્ષ-૨ અને બોજા પ્રમાણપત્રની ૩૨,૨૪૮ નકલો છેલ્લા બે માસમાં ઘરે બેઠા નાગરિકોને પહોંચાડાઈ છે જેનાથી રૂા. ૧.૪૨ કરોડની આવક રાજ્ય સરકારને થઈ છે. મંત્રીશ્રી જણાવ્યું હતું કે, રાજયની સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં વધુ ઘસારા માટે તાકીદે વ્યવસ્થા કરવા માટે રાજય સરકારે દસ્તાવેજ નોંધણીના બે સ્લોટ વચ્ચેના સમયમાં ઘટાડો કરીને ૧૦ મિનિટનો સમય કરતાં હવે ૨૫ દસ્તાવેજની જગ્યાએ ૩૫ દસ્તાવેજની નોંધણી પ્રતિદિન થઈ શકે છે. તા.૫મી ઓગસ્ટ-૨૦૨૦થી તમામ સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે આત્મનિર્ભર ભારત અને આત્મનિર્ભર ગુજરાત યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજના માટે દસ્તાવેજ નોંધણી માટે સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાક સુધીનો વધારાનો સમય પણ ફાળવવામાં આવ્યો છે. જયારે વધારે ઘસારો રહેતી રાજયની ૨૭ જેટલી સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી માટેનો સમય વધારી સવારે ૧૦.૩૦ થી રાત્રિના ૯.૦૦ વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે તેમજ રાજય સરકારે આત્મનિર્ભર યોજનાના મોર્ગેજના દસ્તાવેજ માટે સ્ટેમ્પ ડયુટી અને નોંધણી ફી ની માફી આપેલ છે. મંત્રીશ્રી પટેલે ઉમેર્યું હતું કે, કોરોનાના આ કપરા કાળમાં સંક્રમણ વધે નહીં અને યોગ્ય સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે વ્યવસ્થા કરવા ઓનલાઈન ઈ-પેમેન્ટ સિસ્ટમ શરૂ કરાઈ છે જે ખૂબ જ સફળ રહી છે. તા.૨૪મી એપ્રિલ-૨૦૨૦થી દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા અંતર્ગત નોંધણી ફી ફરજીયાત ઓનલાઈન ઈ-પેમેન્ટથી કરવા તથા ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે. જયારે સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી ઈ-પેમેન્ટ, ઈ-સ્ટેમ્પીંગ તથા ફેક્રીંગ દ્વારા કરવામાં આવે છે.કોરોનાની વૈશ્વિક મહામારી અંતર્ગત રાજ્ય સરકારે લીધેલા હકારાત્મક તથા જનહિત લક્ષી નિર્ણયોથી અરજદારોને સમય તથા નાણાંનો બચાવ થશે તેમજ મહેસૂલીસેવાઓનાડિઝીટલાઈઝેશન કરવાને પરિણામે મહેસૂલી આવકમાં નોંધપાત્ર વધારાની સાથે સાથે આ સુવિધાનો લાભ લોકોને સરળતાથી મળશે તેવું મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

# અરવલ્લી જિલ્લા ધનસુરા તાલુકા ની કેનપુરકંપા પ્રાથમિકશાળા ના શિક્ષિકા ભાવનાબહેને સર ફાઉન્ડેશન ના ઈનોવેસન એવોર્ડ થી સન્માનિત થશે.



અરવલ્લી

અરવલ્લી જિલ્લા ના ધનસુરા તાલુકા ની કેનપુરકંપા પ્રાથમિક શાળા ના શિક્ષિકા ભાવનાબેન પટેલ ની સોલાપુર ખાતે ઈનૉવેસન અવોર્ડ માટે પસંદગી કરવામા આવી છે આ એવોર્ડ માટે દેશભર માંથી નેશનલ ઈનૉવેસન એવોર્ડ માટે ૨૫ જેટલા શિક્ષકો માં સર ફાઉન્ડેશન ધ્વારા નેશનલ માં બહેનો પસંદગી કરવામા આવી છે ત્યારે આ એવોર્ડ મા ગુજરાત માંથી અરવલ્લી જિલ્લા ના ધનસુરા તાલુકાની કેનપુરકંપા પ્રાથમિકશાળા ઉપ-શિક્ષિકા ભાવનાબેન.પી. પટેલ ની પસંદગી કરતા ગુજરાત રાજ્ય સાથે અરવલ્લી જિલ્લા અને ધનસુરા નું ગૌરવ વધારેલ છે ત્યારે પ્યાર કી પહલ ના માધ્યમ ના ઈનૉવેસનની નેશનલ કક્ષાએ પસંદગી કરવામા આવી છે. આ અગાઉ પણ ભાવનાબેન ધ્વારા (પ્રેમભર્યો આવકાર) પર પ્રાથમિક .માધ્યમિક શિક્ષણ વિભાગ ના સચિવ IAS વિનોદરાવ તરફ થી પ્રતિભાસાળી શિક્ષક પ્રમાણપત્ર સંતોષ ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા ૫ મી જાન્યુઆરી ૨૦ મા રાષ્ટ્રીય શિક્ષક ગૌરવ એવોર્ડ થી પણ સન્માનિત કરવામો આવ્યા હતા શૈક્ષણિક વર્ષ દરમ્યાન શિક્ષકો નિ ગીત સ્પર્ધામાં પ્રથમ. સાથે જિલ્લા નિ સાસ્કુતિક કાર્યક્રમ નૂત્ય સ્પર્ધા બીજો નંબર મેળવી શાળા માં વર્ષ દરમ્યાન નવતર પ્રયોગ માટે શાળા ના આચાર્ય તાલુકા વિકાસ અધિકારી સાથે શિક્ષણ વિભાગ ધ્વારા પણ પ્રમાણપત્રો એનાયત પણ કરવામા આવેલ છે

# મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકનો મહત્વપૂર્ણ નિર્ણય

## રાજ્યમાં માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ-ઉચ્ચશિક્ષણની કોલેજો તા. ૨૩મી નવેમ્બરથી ફરી કાર્યરત થશે

### શાળા કક્ષાએ ધોરણ ૯ થી ૧૨ અને કોલેજ કક્ષાએ પ્રથમ તબક્કે પોસ્ટ ગ્રેજ્યુએટ-મેડીકલ-પેરામેડીકલ-આઈ.ટી.આઈ-પોલિટેકનીક શરૂ કરાશે

- સ્નાતક-ગ્રેજ્યુએટ કક્ષાના માત્ર છેલ્લા વર્ષ ફાયનલ ઈયરના – ઈજનેરી વિદ્યાશાખાના ફાયનલ ઈયરના વર્ગો શરૂ કરવા દેવાશે
- ભારત સરકારની જીંનું સંપૂર્ણ પાલન કરવામાં આવશે
- હાલની ઓનલાઈન એજ્યુકેશન વ્યવસ્થા યથાવત રખાશે
- વિદ્યાર્થીની હાજરી ફરજીયાત રાખવામાં આવી નથી
- શૈક્ષણિક સંસ્થાએ શાળામાં વિદ્યાર્થી-બાળકના આવવા માટે માતા-પિતા-વાલીની સંમતિ મેળવવાની રહેશે
- શાળામાં ભીડભાડ નિવારવા ઓડ-ઈવન પદ્ધતિનો અમલ કરવા સુચન
- સપ્તાહમાં ત્રણ દિવસ ધો-૯ અને ૧૧
- ત્રણ દિવસ ધો-૧૦ અને ૧૨નું ભૌતિક શિક્ષણ કાર્ય ચાલુ રહેશે
- ફરજિયાત માસ્ક-સેનિટાઈઝર-સાબુનો હાથ ધોવામાં ઉપયોગ-બેઠક વ્યવસ્થામાં ૬ ફૂટનું અંતર શાળા પ્રવેશ વખતે થર્મલ ગનથી સ્ક્રીનીંગની વયવસ્થાઓ સુનિશ્ચિત કરવાની તાકીદ
- સામુહિક પ્રાર્થના-મેદાન પરની રમત-ગમત કે અન્ય સામુહિક પ્રવૃત્તિ થઈ શકશે નહી

કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકે રાજ્યમાં દિવાળી પછી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને કોલેજોમાં શિક્ષણ કાર્ય ફરી શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવે એ આ નિર્ણયની વિગતો આપી હતી. તેમણે જણાવ્યું કે કોરોના વાયરસ સંક્રમણ કોવિડ-૧૯ને કારણે ગુજરાત સહિત દેશમાં માર્ચ મહિનાથી શાળા-કોલેજો-શૈક્ષણિક સંસ્થાઓ સંક્રમણ વધે નહિ તે આશયથી બંધ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ અને ભવિષ્ય ન બગડે તે માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગે ઓનલાઈન લર્નિંગની વ્યવસ્થા શરૂ કરીને સફળતાપૂર્વક અમલ પણ કર્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દૃષ્ટિવંત નેતૃત્વમાં રાજ્યમાં લોકડાઉન અને હવે અનલોક ૧ થી પાંચ ના વિવિધ તબક્કાઓમાં જનજીવન, આર્થિક, ઔદ્યોગિક ગતિવિધિઓ અટકવા દીધી નથી. એટલું જ નહિ, ઓનલાઈન શિક્ષણ શાળા-કોલેજના બાળકો વિદ્યાર્થીઓને ઘરે બેઠાં મળે તે સુનિશ્ચિત કર્યુ છે, એમ તેમણે ઉમેર્યુ હતું. હવે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની રાજ્ય સરકારે આ અનલોક-૫ માં ભારત સરકારના દિશાનિર્દેશો અને ગાઈડ લાઈનના અનુપાલન અને બાળકોના આરોગ્યની જાળવણીની પૂરી તકેદારી સાથે રાજયમાં શાળા-કોલેજોમાં શૈક્ષણિક કાર્ય તબક્કાવાર પૂન: શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. તદઅનુસાર, દિવાળીના તહેવારો પછી એટલે કે તા.૨૩મી નવેમ્બરથી રાજ્યમાં માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને કોલેજો તથા યુનિવર્સિટીઝમાં ભૌતિક શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવશે તેની વિસ્તૃત વિગતો શિક્ષણ મંત્રીશ્રીએ આપી હતી. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, આ નિર્ણયના અંતિમ નિષ્કર્ષ પર આવતાં પહેલાં શિક્ષણ વિભાગ, શાળા-કોલેજ, યુનિવર્સિટીના સંચાલકો-શિક્ષણવિદો એમ વિવિધ સ્ટેક હોલ્ડર્સ સાથે બેઠકોનો દૌર યોજી, સૌના મત મેળવીને સરકારે આખરી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતાની મંત્રીમંડળની બેઠકમાં પણ એ નિર્ણયને સર્વાનુમતે મંજૂરી આપી છે. શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, કોલેજો અને યુનિવર્સિટીઝમાં પ્રથમ તબક્કે પોસ્ટ ગ્રેજ્યુએટ, મેડીકલ અને પેરામેડીકલ વર્ગો શરૂ



થશે. તેમજ અંડર ગ્રેજ્યુએટ એટલે કે સ્નાતક કક્ષા માટે માત્ર ફાયનલ ઈયરના જ કલાસ શરૂ કરવામાં આવશે. ઈજનેરી વિદ્યાશાખામાં પણ ફાયનલ ઈયર અને આઈ.ટી.આઈ. તથા પોલિટેકનીક કોલેજીસ પણ તા.૨૩મી નવેમ્બરથી કાર્યરત થશે. શિક્ષણ મંત્રી શ્રી ચુડાસમાએ જણાવ્યું કે, ભારત સરકારની એસ.ઓ.પી.ને અનુસરતાં રાજ્યમાં શાળા-કોલેજો દ્વારા જે ઓનલાઈન એજ્યુકેશન વ્યવસ્થા કરવામાં આવી છે તે યથાવત ચાલુ રાખવામાં આવશે.શાળા-કોલેજ સંકુલમાં વિદ્યાર્થીઓની ભીડભાડ ન થાય તે માટે વિદ્યાર્થીઓ તબક્કાવાર આવે તેવું આયોજન આચાર્ય-પ્રિન્સીપાલે ગોઠવવાની સૂચનાઓ પણ અનુસરવા તાકીદ કરવામાં આવી છે.આ હેતુસર રાજ્ય સરકારે ઓડ ઈવન એટલે કે ધોરણ ૯ અને ૧૧ માટે અઠવાડિયામાં ત્રણ દિવસ અને ૧૦ તેમજ ૧૨ માટે ત્રણ દિવસ શાળામાં શિક્ષણ કાર્ય થાય તેવી વ્યવસ્થા પણ જરૂરિયાત મુજબ ગોઠવવા જણાવ્યું છે.વિદ્યાર્થીઓ ક્રમાનુસાર અઠવાડિયામાં નિયત કરેલા દિવસોએ શાળામાં આવે અને બાકીના દિવસોમાં ઘરે બેઠાં એસાઈનમેન્ટ કરે તેવું આયોજન કરવા પણ સૂચવવામાં આવ્યું છે. રાજ્યમાં આવેલી તમામ બોર્ડની બધી જ સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ અને સેલ્ફ ફાયનાન્સ સ્કુલ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગની શાળાઓને આ એસ.ઓ.પી સમાન રીતે લાગુ પડશે. આગામી તા.૨૩ નવેમ્બરથી રાજ્યમાં ધો-૯ થી ૧૨ની શાળાઓ તેમજ પી.જી, મેડીકલ-પેરામેડિકલ ઉપરાંત અંડર ગ્રેજ્યુએટ ફાયનલ ઈયરના વર્ગો શરૂ થશે. બાકીના વર્ગો-ધોરણોના શૈક્ષણિક કાર્ય શ કરવા અંગે સમયાનુસાર યોગ્ય નિર્ણય લઈને સરકાર પછીથી જાહેરાત કરશે, તેમ તેમણે જણાવ્યું હતું.શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટપણે કહ્યું કે વિદ્યાર્થીઓની હાજરી ફરજીયાત રાખવામાં આવી નથી. શાળાએ આવવા માટે વિદ્યાર્થીના માતા-પિતા કે વાલીની લેખિત સંમતિ પણ સંસ્થાઓએ મેળવવાની રહેશે, તેવું પણ સૂચવાયું છે. દરેક વિદ્યાર્થી પોતાનું માસ્ક, પાણીની બોટલ, પુસ્તકો, નાસ્તો વગેરે ઘરેથી જ લાવે અને અન્ય છાત્રો સાથે આપ-લે ન કરે તે જોવા પણ જણાવવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યુ હતું. વર્ગખંડમાં રિવાઈઝડ બેઠક વ્યવસ્થા મુજબ બે વિદ્યાર્થી વચ્ચે ઓછામાં ઓછું ૬ ફૂટનું અંતર રાખવું પડશે. જો કલાસરૂમનું કદ નાનું હોય તો કોમ્પ્યુટર હોલ, લેબોરેટરી, લાયબ્રેરીનો ઉપયોગ વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા માટે કરવાની પણ શાળા-કોલેજોને SOP આપવામાં આવી છે. શાળા-કોલેજીસ શરૂ કરતાં પહેલાં દરેક સંકુલમાં સ્વચ્છતા-સફાઈ સુવિધા, થર્મલ ગનથી વિદ્યાર્થીનું ચેકીંગ, સેનીટાઈઝર અને હાથ ધોવા માટે સાબુની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવાની રહેશે. વર્ગખંડોમાં અને શાળા-કોલેજ સંકુલમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાય એટલું જ નહિ, માસ્કનો ફરજિયાત ઉપયોગ થાય તેમજ શાળા-કોલેજથી નજીકના અંતરે મેડીકલ સેવાઓ ઉપલબ્ધ હોય તેની પણ ખાતરી કરવી પડશે. સામુહિક પ્રાર્થના – મેદાન પરની રમત-ગમત કે અન્ય સામુહિક પ્રવૃત્તિ ન કરવા પણ સૂચના આપી છે. વાલીઓ તેમના વ્યકિતગત ટ્રાન્સપોર્ટેશનનો જ ઉપયોગ બાળકને સ્કુલે જવા-આવવા કરે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓ પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરતા હોય તેમને પણ શાળા તરફથી સાવચેતી-સતર્કતાનું યોગ્ય માર્ગદર્શન અપાશે. તેની ભૂમિકા શિક્ષણ મંત્રીશ્રીએ આપી હતી. શિક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે, સ્કુલ બસ તરીકે ઉપયોગમાં લેવાતા વાહનને દિવસમાં ઓછામાં ઓછું બે વાર સેનિટાઈઝ કરવા તેમજ આવા વાહનની બારીના પડદા-કાચ ખૂલ્લા રાખવાની પણ સૂચનાઓનું પાલન કરવા જણાવવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યુ કે, ભારત સરકારની SOPના અનુપાલન સાથે શાળા સંચાલકો, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ તેમજ ડી.ઈ.ઓ વગેરેના સહયોગથી રાજ્યમાં તા.૨૩મી નવેમ્બરથી શાળા-કોલેજો શરૂ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

# ભારત બાયોગેસ દ્વારા પ્રાકૃતિક ખેતી માટેનો સરાહનીય પ્રયાસ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી









**પ્રાકૃતિક ખેતી કરવાથી પર્યાવરણની જતન અને પાણીની પણ બચત થાય છે ઉપજ સારી મળતાં તેના ભાવો પણ વધુ મળે છે**

**ઉમરેઠ તાલુકાના સુંદલપુરા ખાતે આવેલ ભારત બાયોગેસ એનર્જી લિ. પ્લાન્ટની મુલાકાત લેતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી**

કમલમ દૈનિક, આણંદ

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે આણંદ જિલ?લાના સુંદલપુરા ખાતે કાર્યરત ભારત બાયોગેસ એનર્જી લિ.ના વિવિધ પ્લાન્ટની મુલાકાત લઈ પ્લાન્ટમાં ચાલતા વિવિધ વિભાગોનું રસપૂર્વક નિરીક્ષણ કરવાની સાથે જાત માહિતી મેળવી હતી. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ તેમની ભારત બાયોગેસ એનર્જી લિમિટેડના મેનેજીંગ ડીરેકટર ભરત પટેલ તબીબ હોવાની સાથે કિસાન પણ હોવાથી રાસાયણિક ખાતર અને કીટનાશકોના વધુ પડતા ઉપયોગના કારણે આજે કેન્સર, ડાયાબિટીસ, હાર્ટ એટેક જેવા અનેક રોગો વધતા જાય છે ત્યારે તેની ચિંતા કરીને પોતાની વિવેક બુધ્ધિથી આ પ્લાન્ટની સ્થાપના કરી પ્રાકૃતિક ખેતી સરાહનીય પ્રયાસ કર્યો છે તેમ જણાવ?યું હતું. રાજયપાલ શ્રી દેવવ્રતજીએ રાસાયણિક ખાતરને બદલે પ્રાકૃતિક ખેતી કરવા તરફ કિસાનો આગળ વધે તેમ જણાવી પ્રાકૃતિક ખેતી કરવાથી પર્યાવરણના જતનની સાથે પાણીની પણ બચત થાય છે તેટલું જ નહીં પણ પ્રાકૃતિક ખેતી કરવાથી ઉપજમાં કોઈ ઘટાડો નથી અને વધુ સારી ઉપજ મળવાથી તેના ભાવો પણ વધુ મળતા હોવાથી કિસાનોની આવક બમણી થાય અને ઉન્નતિની દિશામાં પ્રાકૃતિક ખેતી મહત?વનું અંગ બની રહેશે તેવું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર થશે તેમ કહ્યું હતું. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કાઉ ડંગ બેન્કનું, એકત્ર કરવામાં આવેલ ગાયના ગોબરની કેવી રીતે માવજત કરવામાં આવે છે તેની તેમજ બાયો-સીએનજી, લેબોરેટરી અને ઓર્ગેનીક ખાતર પ્લાન્ટનું નિરીક્ષણ કરવાની સાથે જરૂરી જાણકારી મેળવી હતી. રાજયપાલશ્રીની આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેકટર શ્રી આર. જી. ગોહિલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આશિષકુમાર, જિલ્લા પોલીસ વડા શ્રી અજીત રાજયાન, જિલ્લા પશુપાલન અધિકારી શ્રી સ્નેહલ પટેલ સહિત અન્ય અધિકારીઓ સાથે રહ્યા હતા.

# ચીફ ઓફ એર સ્ટાફ સાઉથ વેસ્ટર્ન સેક્ટરની મુલાકાતે આવ્યા



કમલમ દૈનિક,

એર ચીફ માર્શલ આર.કે.એસ. ભદૌરિયા PVSM AVSM VM ADC ચીફ ઓફ એર સ્ટાફ (CAS)એ ૧૨ નવેમ્બર ૨૦૨૦ના રોજ સાઉથ વેસ્ટર્ન સેકટરમાં આવેલા બેઝની એક દિવસીય મુલાકાત લીધી હતી. CASના આગમન સમયે એર માર્શલ એસ.કે. ઘોટિયા PVSM VSM, એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ, સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ તેમના સ્વાગતમાં ઉપસ્થિત રહ્યાં હતાં. ડીસા ખાતે આવેલા એર ફોર્સ સ્ટેશન પર CASને આ બેઝ પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અંગેની યોજના વિશે માહિતી આપવામાં આવી હતી. તેમણે અહીં પરિચાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રવૃત્તિઓનું ઉદ્ઘાટન કર્યું હતું જેના માટે સરકારે ઓકટોબર ૨૦૨૦માં મંજૂરી આપેલી છે. વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા ડીસાના એરફિલ્ડ ખાતે વિકાસની પ્રવૃત્તિઓમાં રનવે અને તેને સંલગ્ન અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણના કાર્યોનો પણ સમાવેશ થાય છે.

બાદમાં CASએ વડોદરા ખાતેના એરફોર્સ સ્ટેશનની મુલાકાત લીધી હતી અને આ સ્ટેશન પરની પરિચાલન તૈયારીઓની સમીક્ષા કરી હતી. CASએ સ્ટેશનના સ્થાનિક કમાન્ડર્સ અને કર્મચારીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. તેમણે સૌને અનુરોધ કર્યો હતો કે, તેઓ પોતાની ફરજ પૂર્ણ કર્તવ્યનિષ્ઠા અને પૂર્ણ તૈયારીઓની ભાવના સાથે નિભાવે.

# આયુર્વેદ યુનિવર્સિટીમા આવતીકાલે પ્રધાનમંત્રીશ્રી કરશે ITRA નુ લોકાર્પણ- રાષ્ટ્રકક્ષાના યોજાનાર કાર્યક્રમની વ્યવસ્થાની સમીક્ષા કરતા સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ





કમલમ દૈનિક, જામનગર

જામનગર સ્થિત આયુર્વેદ યુનિવર્સિટીના ઈન્સ્ટીટ્યુટ ઓફ ટિચીંગ એન્ડ રીસર્ચ ઈન આયુર્વેદ સેન્ટરનુ પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ આવતીકાલ તારીખ ૧૩ ને શુક્રવારે ઓનલાઇન લોકાર્પણ કરવાના છે ત્યારે આયુર્વેદ યુનિવર્સિટી જામનગર ખાતે મુલાકાત લઈ તમામ આયોજન નુ ૧૨-જામનગર લોકસભાના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમે નિરીક્ષણ કરી વ્યવસ્થા નિહાળી હતી. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, આવતીકાલે જામનગર સ્થિત "ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી" ને,વિડીયો કોન્ફરન્સીંગથી, નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈમ્પોર્ટન્સ ઘોષીત કરવાના છે, અને ITRA સેન્ટર ખુલ્લુ મુકવાના છે આ પ્રસંગે મહામહિમ રાજ્યપાલશ્રી દેવવ્રતજી,માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજી,નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલજી અહી ઉપસ્થિત રહેવાના હોઈ, તે અંતર્ગત યુનિ. કેમ્પસમા કરવામા આવેલી તૈયારીઓનુ તેમજ વ્યવસ્થાનું, કેન્દ્રીય આયુષ મંત્રાલયના સચિવ શ્રી કોટેચા,કુલપતિ શ્રી ઠાકર સહિતના અધીકારીઓશ્રી સાથે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ એ નિરીક્ષણ કરી,સમગ્ર આયોજનની સમીક્ષા કરી હતી. જામનગર તેમજ આ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો મળવા અંગે આ તકે સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમે સન્માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો આભાર વ્યક્ત કર્યો છે તેમજ જામનગર આ રીતે રાષ્ટ્ર અને વિશ્રવકક્ષાએ ઝળહળનારૂ હોઈ સૌ નગરજનો તેમજ યુનિવર્સિટીના સૌ અધીકારીઓ સંશોધકો અધ્યાપકો વિદ્યાર્થીઓ સૌ ને અભિનંદન પાઠવ્યા છે

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028